**પરિપત્ર**

**ક્રમાંક:-** હિસાબી-૩/પેન્શન/પરિપત્ર/૨૦૨૦/ ૮૩૭૮-૮૫૬૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો પાલનપુર
તા.૧૪/ ૦૫ / ૨૦૨૦

**પ્રતિ,**

આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, **જિલ્લો: બનાસકાંઠા**

**વિષય :** વયનિવૃત્તિ/સ્વૈ.નિવૃતિના લીધે નિવૃત્ત થનાર કર્મચારીની પેન્શન દરખાસ્ત રજુ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની જિલ્લાની અનુદાન લેતી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(તમામ)માં કર્મચારીની પેંશન દરખાસ્ત નિયત સમયગાળામાં અત્રેની કચેરીએ મોકલવાની હોય છે. અત્રેની કચેરીએ રજુ થતી પેન્શન દરખાસ્તમાં સામાન્ય એવી નીચે મુજબની ક્ષતિઓ દરખાસ્તોમાં જોવા મળે છે જેથી દરખાસ્ત પૂર્તતા માટે પરત કરવામાં આવે છે અને કર્મચારીની પેંશન દરખાસ્ત મંજુર થવામાં વિલંબ થાય છે. આથી આપની શાળાના કર્મચારીઓની પેંશન દરખાસ્ત અત્રેની કચેરીએ રજુ કરતી વખતે પેંશન દરખાસ્ત સાથે જરૂરી તમામ આધારો અને નીચે મુજબની પૂર્તતા થયા બાદ મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) સેવાપોથીમાં કર્મચારીની નિમણુક તારીખથી નિવૃત્તિ તારીખ સુધીની (કુટુંબ પેંશનના કિસ્સામાં અવસાન તારીખ સુધીની) નોકરીની ખરાઇ નિયત આસનમાં વર્ષવાઇઝ નોંધ કરવાની રહેશે.
(૨) સેવાપોથીમાં કર્મચારીની નિમણુક તારીખથી નિવૃત્તિ તારીખ સુધી (કુટુંબ પેંશનના કિસ્સામાં અવસાન તારીખ સુધી) મંજુર કરેલ તમામ વર્ષવાઇઝ ઇજાફાની નોંધ કરવાની રહેશે.
(૩) સેવાપોથીમાં કર્મચારીની નિમણુક તારીખથી નિવૃત્તિ તારીખ સુધીની (કુટુંબ પેંશનના કિસ્સામાં અવસાન તારીખ સુધીની) રજાહિસાબની નોંધ પૂર્ણ કરવાની રહેશે.
(૪) કર્મચારીના નોમિનેશનમાં દર્શાવેલ જે તે વ્યક્તિની જન્મતારીખના આધારની પ્રમાણિત નકલ સામેલ રાખવી.
(૫) સેવાપોથીમાં કર્મચારીના રજા હિસાબ પૂર્ણ કરેલ છે તે અંગેનું અને છેલ્લા બે વર્ષ સેવાની ખરાઇ થયેલ છે તે અંગેનું અલાયદું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**હિસાબી અધિકારી**
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી**
**બનાસકાંઠા જિલ્લો પાલનપુર**

Scanned by CamScanner